### લીલીયા પ્રગતિ સેવીંગ્સ કો. ઓપરેટીવનાં ચેરમેન શ્રી ભાવેશ રાદડીયા અને ડો. ભરતભાઇ કાનાબારનાં સંયુક્ત ઉપક્રમે

# શ્રી દિલીપ સંઘાણીનું અમરેલીની ૧૦૧ સંસ્થા દ્વારા સન્માન

### ઇફ્કોમાં બિનહરીફ અને જન્મદિવસની બમણી ખુશી અમરેલીએ ઉજવી નાગરિક અભિવાદન સમિતિ દ્વારા શ્રી દિલીપ સંઘાણીનું દિલથી સન્માન

### શ્રી પરશોતમ રૂપાલા, શ્રી નિતીનભાઇ પટેલ, શ્રી આર. સી. ફળદુ, શ્રી જયેશ રાદડીયા, શ્રી નારણભાઇ કાછડીયા સહિતનાં આગેવાનોની ઉપસ્થિતિ








તસવીર : રાજન જોષી

અમરેલી,

અમરેલી ખાતે લીલીયા પ્રગતિ સેવિંગ્સ કો.ઓ. સોસાયટીના ચેરમેન શ્રી ભાવેશભાઇ રાદડીયા અને અમરેલી જિલ્લા અભિવાદન સમિતીનાં કન્વીનર ડો. ભરતભાઇ કાનાબારના સંયુક્ત ઉપક્રમે અમરેલીનાં પનોતાપુત્ર અને ઇફકોના ચેરમેન શ્રી દિલીપ સંઘાણીનાં ૭૧ માં જન્મદિનની ઉજવણી નિમિતે સાત પગલા આકાશમાં અભિવાદન સમારોહનું આયોજન થયુ હતુ.

કાર્યક્રમના પ્રારંભે પ્રગતિ સેવિંગ્સ કો.ઓ. સોસાયટીના ચેરમેન ભાવેશભાઇ રાદડીયાએ ઉપસ્થિત આમંત્રીત મહેમાનોનું શાબ્દીક સન્માન કરી સૌને આવકાર્યા હતા અને સમગ્ર સમારોહની રૂહપારેખા આપી હતી. ત્યાર બાદ ઇફકોના ચેરમેન શ્રી દિલીપ સંઘાણી, શ્રી પરશોતમ રૂપાલા, શ્રી નિતીનભાઇ પટેલ, શ્રી આર.સી. ફળદુ, શ્રી જયેશ રાદડીયા સહિતનાં મહાનુભાવોના વરદ હસ્તે દિપ પ્રાગટય કરી સમારોહ ખુલ્લો મુકવામાં આવ્યો હતો ત્યાર બાદ અભિવાદન સમારોહમાં કન્વીનર ડો. ભરતભાઇ કાનાબારે ઇફકોના ચેરમેન શ્રી દિલીપ સંઘાણીને સમર્પણ સન્માન પત્ર અર્પણ કર્યુ હતુ. તે સન્માન પત્રનું વાંચન કરી ઉપસ્થિત મહાનુભવોએ શાબ્દીક અભિવાદન કર્યા બાદ ભાવેશભાઇ રાદડીયા અને ડો. ભરતભાઇ કાનાબારે ઇફકોના ચેરમેન શ્રી દિલીપ સંઘાણીનું પુષ્પાહાર, મોમેન્ટો, સન્માનપત્ર અર્પણ કરી સન્માન કર્યુ હતુ. આમંત્રીત મહેમાનોનું પુષ્પગુચ્છ અને મોમેન્ટો અર્પણ કરી સન્માનીત કરેલ ત્યાર બાદ પુર્વ નાયબ તમુખ્યમંત્રી શ્રી નિતીનભાઇ પટેલ, શ્રી રૂપાલા, શ્રી આર.સી.ફળદુ, શ્રી જયેશ રાદડીયાએ પોતાના પ્રાસંગીક પ્રવચનમાં ઇફકોના ચેરમેન શ્રી દિલીપ સંઘાણીનાં ૭૧ માં જન્મદિવસની શુભેચ્છા આપી તેમણે રાજ્ય સરકાર અને સહકારી જગતમાં કરેલી કામગીરી અને દેશમાં છેવાડાના વિસ્તાર સુધી મહત્વની બની રહી છે તેમ જણાવ્યુ હતુ. અમરેલી જિલ્લાની વિવિધ ૨૭૧ સંસ્થાઓ દ્વારા ઇફકોના ચેરમેન શ્રી દિલીપ સંઘાણીનું પુષ્પગુચ્છ, મોમેન્ટો, સ્મૃતિ ચિહ્ન સહિતની ભેટ અર્પણ કરી સન્માનિત કરેલ હતા.

આ પ્રસંગે ઇફકોના ચેરમેન શ્રી દિલીપ સંઘાણીએ આયોજન સમિતીના શ્રી ભાવેશ રાદડીયા, ડો. ભરત કાનાબાર સહિત વિવિધ સંસ્થાઓના આગેવાનોનો આભાર વ્યક્ત કરી જણાવ્યુ હતુ કે જિલ્લાથી લઇ દેશનાં છેવાડેના વિસ્તાર સુધી ઇફકો સહિતની સહકારી સંસ્થાઓ કૃષિ અને ખેડુતલક્ષી વિવિધ યોજના તરફ આગળ વધી રહી છે. જેનો સીધો ફાયદો ખેડુતોને થશે.

આ કાર્યક્રમમાં પુર્વમંત્રી શ્રી બાવકુભાઇ ઉંધાડ, શ્રી કાળુભાઇ વિરાણી, ઠાકરશીભાઇ મેતલીયા, સહકારી આગેવાન શ્રી અશ્વિન સાવલીયા, શ્રી શરદ લાખાણી, શ્રી દિનેશભાઇ પોપટ, શ્રી જીતુભાઇ ડેર, શ્રી ભુપેન્દ્ર બસીયા, શ્રી રામ સાનેપરા, શ્રી અરૂણભાઇ પટેલ, શ્રી મુકેશ સંઘાણી, શ્રી હિરેન હીરપરા સહિતનાં રાજકીય સહકારી અને વિવિધ સંગઠનના હોદેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. સમગ્ર સમારોહ સફળ બનાવવા શ્રી ભાવેશભાઇ રાદડીયા, ડો. ભરત કાનાબારના માર્ગદર્શન નીચે પ્રકાશભાઇ વિરાણી, વિપુલભાઇ દુધાત, શ્રી તુષાર ધોરાજીયા, ભનુભાઇ ડાભી, આર.બી.પટેલ, ભરતભાઇ ગરાણીયા સહિત અભિવાદન સમારોહ સમિતીના હોદેદારોએ જહેમત ઉઠાવી હતી. તેમ મનોજ જોષીએ જણાવ્યું છે.

## જશવંતગઢમાં ઓઇલ મીલમાં આગ લાગી

### ફાયર બ્રિગેડની ટીમે પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લીધી



અમરેલી,અમરેલી ના જશવંતગઢ મુકામે આવેલ 'કિશાન ઓઇલ મીલ 'માં અચાનક આગ લાગવાની ઘટના બનેલ આ ઘટનાની જાણ અમરેલી ફાયર કંટ્રોલ રૂમ ખાતે કરતા ફાયર ઓફિસર એચ સી ગઢવી ની રાહબરી હેઠળ અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ ની ટીમ તાત્કાલિક ધોરણે ઘટના સ્થળ પર ૨ બાઉઝર સાથે પહોંચી પાણીનો મારો ચલાવી સંપૂર્ણપણે આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ પણ પ્રકારની જાનહાની થવા પામેલ નથી. આ કામગીરી કરનાર ફાયર સ્ટાફ હિંમતભાઈ બાંભણિયા , પ્રવીણભાઈ ચૌહાણ, સાગરભાઇ પુરોહિત, કરણ ગઢવી, સાનિયા નિલેશભાઈ, ધર્મેશ જુવાદરીયા, યોગેશ કણસાગરા વગેરેઓએ મુખ્ય ભજવી હતી.

### અમરેલીનાં સ્લમ વિસ્તાર અને સિવિલ હોસ્પિટલમાં

## શ્રી સંઘાણીનાં જન્મ દિવસે ફુડ પેકેટ વિતરણ કરતા શ્રી ભાસ્કરભાઇ શુક્લ

### શ્રી રામ અને શ્રી શ્યામ શુક્લ દ્વારા આયોજન : શ્રી દિલીપ સંઘાણીની પણ ઉપસ્થિતિ



અમરેલી,

અમરેલીનાં સ્લમ વિસ્તાર અને સિવિલ હોસ્પિટલમાં શ્રી દિલીપ સંઘાણીનાં ૭૧ માં જન્મ દિવસે અમરેલી નગરપાલિકાનાં પુર્વ પ્રમુખ અને ભાજપ આગેવાન શ્રી ભાસ્કર શુક્લએ ફુડ પેકેટ વિતરણ કર્યુ હતું.

શ્રી રામ અને શ્રી શ્યામ શુક્લ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું અને તેમાં શ્રી દિલીપ સંઘાણીની પણ ઉપસ્થિતિ હતી. તેમના હસ્તે જ આ વિતરણ કરાયું હતું.




**મોકાની દુકાન વેચવાની છે**

અમરેલીમાં ટાવર રોડ ઉપર પરમાનંદ માર્કેટમાં સોની ભાઇઓને અતિ ઉપયોગી એવી અતિ મોકાની દુકાન કસમાં વેચવાની છે

-:: સંપર્ક ::-

મો.૯૮૯૮૨ ૪૮૭૮૯

**હાઈવે હોટલ વેચવાની છે.**

ભાવનગર – રાજકોટ હાઈવે ઉપર આશરે ૨ વિઘા જમીન સાથે હોટલ વેચવાની છે.

ઢસા – ચાવંડની વચ્ચે જાનબાઈ માં ની દેરડી ગામે ૧૫ વિઘા વાડી અને ૫ વિઘા જમીન વેચવાની છે.

વડેરા ગામની ૮ વિઘા ફળદ્રુપ જમીન વેચવાની છે.

ખેડુત ખાતેદારનો દરજ્જો ચાલુ રાખવા સસ્તી જમીન વેચવાની છે.

અમરેલી થી ધારી રોડ ટચ ૧૦ વિઘા જમીન વેચવાની છે.

અમરેલી થી ૮ કિ.મી.નાં અંતરે નેશનલ હાઈવે ટચ ૪ લાખમાં ૧૪૨ વાર

લાભમ્ પ્રોપર્ટીઝ : ૯૪૨૮૯ ૭૦૯૫૪

**અમરેલીનું ગૌરવ હોટલ રોયલ ફોરચ્યુન**

રૂમ્સ એન્ડ કોફીબાર

A/C રૂમ એન્ડ નોન A/C રૂમ



મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં

કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી

સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

**પાસપોર્ટ ફોટા ફક્ત રૂપીયા ૩૦ માં ૩૨ કોપી બધી મોટી સાઇઝ**

૧૨ X ૧૮ ની સાઇઝનો ફોટો ફ્રેમ સહિત માત્ર ૩૦ મીનીટમાં

**શ્રી ખોડિયાર સ્ટુડિયો**

લીલીયા રોડ, ભીડભંજન મંદિરની સામે, અમરેલી

મો.૯૪૨૯૧ ૩૯૭૫૬

ત્રણ દાયકા જુના અને નિષ્ણાંત કુક

**શ્રી નિવાસ ડાઇનિંગ હોલ**

નું જમવાનું તો ભાઇ.. ભાઇ..

**ફુલ ગુજરાતી થાળી**

સવારનાં ૧૦:૩૦ થી બપોરનાં ૩:૦૦ સુધી મળશે



જેમાં બે શાક, એક કઠોળ, દાળ-ભાત, સંભાર (ઘર જેવુ જ જમવાનું) અમીનો ઓડકાર

સ્થળ : શ્રી નિવાસ ગેસ્ટ હાઉસ

રાજકમલ ચોક, અમરેલી મો.૯૪૨૬૪ ૩૮૩૫૬

**અમરેલીમાં પ્લોટ વેચવાનો છે**

ચક્કરગઢ રોડ, કાનાણીની વાડી પાસે, અક્ષર બંગ્લોઝની બાજુમાં, ૨૦ X 33 ની સાઇઝનો રોડ કાંઠાનો મોકાનો પ્લોટ કસમાં વેચવાનો છે

-:: સંપર્ક ::-

મો.૯૫૧૦૩ ૩૬૮૮૯

## લોકોને થોડીવાર માટે તાઉતે વાવાઝોડાની યાદ આવી ગઇ : વરસાદ સાથે ૧૦૦ કિલોમીટરથી વધુ ઝડપે પવન ફુંકાયો

# અમરેલી પંથકમાં વિનાશક મીની વાવાઝોડું : મોટી તારાજી

### વિજળીનાં કડાકા ભડાકા સાથે ભારે પવન અને વરસાદથી બજારોમાં અફડા તફડી બોલી : ભારે પવનનાં કારણે શહેરમાં હોર્ડીંગ્સ, પતરા ઉડ્યાં : બ્રાહ્મણ સોસાયટીમાં ઝુપડ પટ્ટીમાં પ્લાસ્ટીક ઉડ્યાં

### તલ, મગ, ઢોરનાં ઘાસચારાને મોટી નુકશાની : ઇશ્વરીયામાં વિજળી ત્રાટકતા ૨૯ ઘેટા-બકરાનાં મોત અમરેલીથી ચિતલ વચ્ચે અનેક જગ્યાએ વિજપોલ ધરાશાયી : નાના માચીયાળામાં અંધારપટ્ટ છવાયો


### અકાળા, બાબાપુર, ગાવડકા, દામનગર, લાઠી, ફતેપુર, વિઠલપુર, ચાંપાથળમાં ભારે પવન સાથે ઝાપટાથી લઇ દોઢ ઇંચ જેવો વરસાદ : ધારી અને ચલાલા તેમજ ખાંભા પંથકમાં પવન ન ફુંકાતા કેરીનો બચાવ


બગસરા


બગસરા


લાઠી


ફતેપુર



અમરેલી,

અમરેલી શહેર અને જિલ્લામાં આજે બપોર બાદ હવામાન વિભાગની આગાહીનાં પગલે અમરેલી શહેરમાં બપોર બાદ વાતાવરણમાં પલટો આવતા ભારે પવન સાથે એક ઈંચથી વધારે વરસાદ પડી જતા બજારોમાં થોડીવાર માટે ભારે અફડા તફડી મચી ગઇ હતી અને શહેરમાં ભારે વિજળીનાં કડાકાઓ થયા હતાં. અમરેલી ડીઝાસ્ટર મેનેજમેન્ટનો સંપર્ક સાધતા ક્યાંય વિજળી પડ્યાનું તંત્રમાં નોંધાયું નથી. અમરેલી શહેરમાં લોકોને થોડીવાર માટે તાઉતે વાવાઝોડાની ભારે પવને યાદ અપાવી હતી. મકાનો ઉપર રહેલા સોલાર પ્લેટો પણ ભારે વાયબ્રેશન કરતા લોકોનાં જીવ તાળવે બંધાયા હતાં. અમરેલી શહેરમાં વિજળીનાં કડાકા ભડાકા અને ભારે પવન સાથે ૨૭ મીમી વરસાદ નોંધાયો હતો. અકાળાથી અમારા પ્રતિનિધિ રાજુભાઇ વ્યાસનાં જણાવ્યા મુજબ મીની વાવાઝોડા સાથે વિજળીનાં કડાકા ભડાકા સાથે અડધો ઇંચ વરસાદ પડ્યાનું જણાવ્યું હતું. જ્યારે બાબરાથી દિપકભાઇ કનૈયાનાં જણાવ્યા અનુસાર શહેરમાં માત્ર છાંટા પડ્યા હતા અને પવન ફુંકાયો હતો. બાબાપુરથી હસુભાઇ રાવળની યાદીમાં જણાવ્યા અનુસાર બાબાપુર અને ગાવડકામાં મીની વાવાઝોડા સાથે વરસાદનાં ઝાપટા પડ્યા હતાં. બગસરાથી રૂપેશ રૂપારેલીયાનાં જણાવ્યા અનુસાર શહેરમાં માત્ર પવન ફુંકાયો હતો. દામનગરથી વિનોદભાઇ જયપાલનાં જણાવ્યા અનુસાર દામનગર શહેરમાં પવન સાથે વરસાદનું ઝાપટુ પડી ગયું હતું. ધારીથી ઉદય ચોલેરાનાં જણાવ્યા અનુસાર શહેરમાં વરસાદી વાતાવરણ છવાયુ હતું અને થોડો પવન ફુંકાયો હતો. લાઠીથી વિશાલ ડોડીયાનાં જણાવ્યા અનુસાર શહેરમાં પવન સાથે વરસાદનું ઝાપટુ પડી ગયું હતું. અમરેલી તાલુકાનાં ફતેપુર, વિઠલપુર અને ચાંપાથળમાં પવન સાથે ધોધમાર દોઢ ઈંચ વરસાદ પડ્યાનું સતીષ રાઠોડની યાદીમાં જણાવાયું છે. મોટા આંકડીયાથી મનોજ ત્રિવેદીનાં જણાવ્યા અનુસાર ભારે પવન સાથે વરસાદનું ઝાપટુ પડી ગયું હતું. ચલાલામાં પ્રકાશભાઇ કારીયાની યાદીમાં જણાવ્યાં અનુસાર વાદળછાયુ વાતાવરણ રહ્યું હતું અને ધીમો પવન ફુંકાયો હતો. હાથીગઢથી શ્રીકાંતદાદાની યાદીમાં જણાવ્યા અનુસાર હાથીગઢ અને આસપાસના ગામોમાં પવન અને વિજળીના કડકા ભડાકા સાથે અડધાથી પોણો ઈંચ વરસાદ પડયો હતો. સાથે સાથે મતીરાળામાં ભારે પવન કરા સાથે વરસાદ ૩૫ મિનિટમાં પોણો ઈંચ વરસાદ પડ્યો હતો. બગસરા શહેર ભારે પવન ફૂંકાતા ધુળની ડમરીઓ ઉડી ગ્રામ વિસ્તારમાં પડયો હતો. વરસાદ ખેતી પાકોને ભારે નુકસાન ખેડૂતો ચિંતિત બન્યા. હવામાન ખાતાની આગાહીના અમરેલી ના બગસરા શહેરમાં ભારે પવન ફૂંકાતા ધુળની ડમરીઓ ઉડી તાલુકાના જેઠીયાવદર કાગદડી સમઢીયાળા સહિત ગ્રામ્ય વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદના ઝાપટા પડ્યા. બગસરા પંથકમાં ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદ પડયો. જ્યારે બગસરા શહેરમાં મેન બજાર જૂની સાત માર્કેટ વિજય ચોક ઉપલી બજાર સહિતના વિસ્તારોમાં વરસાદ પડ્યો જ્યારે સ્ટેશન રોડ બસ સ્ટેન્ડ બસ સ્ટેન્ડ સહિતના મોટાભાગના વિસ્તારમાં વરસાદ પડ્યો ન હતો વરસાદથી ઉનાળુ વાવેતરમાં નુકસાન ખેડૂતો ચિંતિત બન્યા હતાં. ખેતરો પાણીમાં તરબતર થયા ગ્રામીણ માર્ગો પાણી પાણી થયા હતાં. ભર ઉનાળે આકાશમાં કાળા ડીબાગ વાદળછાયા કમોસમી વરસાદ પડ્યો હતો.

## વરૂડી આસપાસ બે ઝાડ પડ્યા : અમરેલી સિધ્ધી વિનાયક સોસાયટીમાં ૧૦૦ વર્ષ જુનો લીમડો પડયો

### અમરેલી, સાવરકુંડલા ચોકડીએ પોલીસ ચોકી નજીક વૃક્ષો ધરાશાઇ થયા



અમરેલી, અમરેલી શહેર અને ગ્રામ્ય પંથકમાં પવન સાથે વરસાદ પડતાં વરૂડી આસપાસ બે વૃક્ષો પડી ગયા હતાં. તમેજ અમરેલી સિધ્ધી વિનાયક સોસાયટી પાસે આવેલ ૧૦૦ વર્ષ જુનો લીમડો પડી ગયો હતો. તેમજ અમરેલી સાવરકુંડલા ચોકડીએ પોલીસ ચોકી નજીક વૃક્ષો ધરાશાયી બન્યા હતાં.

**નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૪૫/૨૦૨૪..................તા.૨૨-૦૩-૨૦૨૪

વિવાદી :- શ્રી મુક્તાબેન ડો/ઓ ગગજીભાઈ ભીકડીયા તે નાનજીભાઈ રામભાઈ વઘાસીયાના પત્ની રહે. ટોડા, તા.લાઠી, હાલ રે. બી/૧૫ રાધેક્રિષ્ના એપા. રતનબા વિદ્યાલય સામે, ઠક્કર બાપા નગર, ખોડીયારનગર, અમદાવાદ, ટી.બી.નગર

વિરૂધ્ધ પ્રતિવિવાદી :- તલાટીકમ મંત્રી ટોડા ગ્રામ પંચાયત, તા.લાઠી

**જાહેર નોટીસ**

(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમદાવાદ જીલ્લાના અમદાવાદ તાલુકાના મોજે અમદાવાદ ગામના રહીશ આ કામના અરજદારશ્રી મુક્તાબેન ગગજીભાઈ ભીકડીયાનો જન્મ તા.૦૧-૦૧-૧૯૬૨ ના રોજ મોજે ટોડા, તા.લાઠી જી.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય / જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૯-૦૧-૨૪ થી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈને કાંઇ વાંધો તકરાર કે હરકત હોય તો તેમણે જાતે અગર તો તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમા મુદત તા.૧૧-૦૬-૨૦૨૪ ના રોજ બપોરનાં ૧૫-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
લાઠી

#### સાંજે સાડા ચાર વાગ્યે પવન સાથે વિજળીનાં કડાકા ભડાકા વચ્ચે

# અમરેલીનાં ઇશ્વરીયામાં વિજળી ત્રાટકતા ૨૯ ઘેટા બકરા ભડથુ

### અમરેલીનાં ઇશ્વરીયાનાં પાણીનાં ટાકા પાસે અચાનક કડાકા સાથે વિજળી ત્રાટકી : પશુપાલન વિભાગ દ્વારા સ્થળ ઉપર દોડી જઇ કાર્યવાહી હાથ ધરાઇ : મંગાભાઇ ભરવાડનાં એક સાથે ૨૯ ઘેટા બકરાનાં મૃત્યુ : નુકશાન



અમરેલી,

અમરેલીથી ચિતલ અને લાઠી વચ્ચે સાંજે ૪ વાગ્યાથી વાતાવરણમાં પલટો આવી પવન સાથે વરસાદ શરૂ થતા અનેક જગ્યાએ નુક્શાની થઈ હતી જેમાં સાંજે સાડા ચાર વાગ્યે પવન સાથે વિજળીનાં કડાકા ભડાકા વચ્ચે અમરેલીનાં ઈશ્વરીયામાં વિજળી ત્રાટકતા ૨૯ ઘેટા બકરા ભડથુ થઈ ગયાં હતાં. ઈશ્વરીયાનાં પાણીનાં ટાકા પાસે અચાનક કડાકા સાથે વિજળી ત્રાટકતા પશુપાલક મુશ્કેલીમાં મુકાયેલ છે અને આ બનાવની જાણ થતા પશુપાલન વિભાગ દ્વારા સ્થળ ઉપર દોડી જઈ કાર્યવાહી હાથ ધરાઈ છે. ઈશ્વરીયા ગામનાં મંગાભાઈ ભરવાડનાં એક સાથે ૨૯ ઘેટા બકરાનાં મૃત્યુ આ વિજળી પડવાને કારણે થયા હતાં.

#### મીની વાવાઝોડુ અને વરસાદથી ચીત્તલથી અમરેલી અને પ્રતાપપરામાં ખેડુતોને નુક્શાન

# મગ, તલ, બાજરી, ડુંગળીના પાકને ભારે નુક્શાન

# અમરેલી ચિતલ વચ્ચે ૫૦ વિજપોલ ધરાશાયી થયાં

### પવન અને વરસાદથી નુક્શાન થયેલ ખેડુતોને વળતર આપવા અમરડેરીના ચેરમેન અશ્વિનભાઇ સાવલીયાની રજુઆત




તસવીર : હરદેવ કોઠીવાળ

અમરેલી

આજે બપોર બાદ અચાનક વાતાવરણમાં પલટો આવતા ચીત્તલ થી અમરેલી વચ્ચે તેમજ પ્રતાપપરામાં ભારે પવન અને વરસાદના કારણે ખેડુતોએ વાવેતર કરેલ અને વાઢીને પાથરા કરેલા મગ અને તલના ઉભડા ઉડી જવાથી ખેડુતોને મોટી નુકશાની થયેલ છે. અમરેલી તાલુકાના નાના માચીયાળાના વિજયભાઈ કોઠીવાળના જણાવ્યા અનુસાર તેમના ૨૦ વિઘાના ઉનાળુ મગ વાઢીને પાથરા કરેલ જે પવનમાં ઉડી જતા નુકશાન થયેલ છે નાના માચીયાળા ગામમાં ૪૦ થી ૫૦ જેટલા ખેડુતોએ ઉનાળુ વાવેતર કરેલ તલ અને મગના પાકને તેમજ ઢોર માટે કડબ જુવારના પાકને પણ વરસાદ અને પવનથી મોટુ નુકશાન થયેલ છે. સીમમાં ખેડુતોએ બનાવેલ કેટલાક પત્રાના શેડ પણ ઉડી ગયા હતા અને નાના માચીયાળા ગામમાં ભારે પવન અને વરસાદથી ૨૦ થી ૨૫ વિજપોલ પડી જવાથી અંધાર પટ છવાઈ ગયો છે અને વિજળી રાબેતા મુજબ થવામાં હજુ બે દિવસ જેવો સમય લાગશે. અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયાના જણાવ્યા અનુસાર પ્રતાપપરામાં ૧૦ જેટલા ખેતરોમાં ખેડુતોએ તલના ઉભડા ખેતરમાં રાખેલ જે ભારે પવનનાં કારણે ઉડી જતા નુકશાન થયેલ છે તેમજ ખેડુતો ડુંગળીનો પાક લણતા હોઈ અને ખેતરમા રાખેલ તેમજ ઢોરની કડબ માટે બાજરીના પાકને પણ તેમજ તલને પણ નુકશાન થયેલ છે. અમરેલી નજીકના ગામોમાં ભારે પવન અને વરસાદથી ખેડુતોને તલ મગ ઢોરની કડબ માટે બાજરી તેમજ ડુંગળીના પાકને નુકશાન થતા ખેડુતોનો નુકશાનીનો સર્વે કરવા અશ્વિનભાઈ સાવલીયાએ સરકારમાં રજુઆત કરી છે.

# હરિદ્વારમાં રાજુલાના ચિત્રકૂટ આશ્રમ દ્વારા ભવ્ય શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞ

### રાજુલાના પૂ. યજ્ઞેશભાઈ ઓઝા દ્વારા વ્યાસપીઠ પરથી સંગીતમય શૈલીમાં કરાવાતુ રસપાન : પ્રસંગોની ઉજવણી

રાજુલા(કનુભાઈ વરૂ)

હરિદ્વાર ખાતે ગંગાના સાનિધ્યમાં રાજુલા નજીક આવેલા ચિત્રકૂટી આશ્રમ નાનુડી ના મહંત શ્રી ધર્મદાસબાપુ દ્વારા શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ તેમજ રઘુવંશ રામનામ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વ્યાસપીઠ સ્થાને રાજુલાના પ.પૂ યગ્નેશભાઈ ઓઝા દ્વારા કલાત્મક શૈલીમાં ભાગવત સંભળાવ્યું હતું.

આ તકે ભવ્ય લોકડાયરો તેમજ વિવિધ પ્રસંગો ઉજવવામાં આવ્યા હતા. આ તકે રાજુલાથી જીજ્ઞેશભાઈ પટેલ ચેતનભાઈ શિયાળ સાગરભાઈ સરવૈયા કાનાભાઈ ગોહિલ મુકેશભાઈ ગુજરીયા કમલેશભાઈ પરમાર હરસુરભાઈ લાખણોત્રા સહિતના ભાવિકો આગેવાનો જોડાયા હતા.


પેટ તથા લીવરને લગતા રોગોની સંપૂર્ણ સારવાર

Durva Gastro Care
KEEPING YOU WELL

+ શું આપને છાતીમાં બળતરા થાય છે
+ શું આપ ગેસ, એસિડિટી અને અપચાથી પરેશાન છો
+ શું આપ લાંબા સમયથી કબજીયાત, ઝાડા, મરડો તથા સંડાસ કાળો આવવાની તકલીફથી પરેશાન છો
+ શું આપને ખોરાક ઉતારવામાં તકલીફ છે
+ શું થોડુક ખાધા પછી પેટ ભારે લાગે છે
+ શું આપને મો માં ખોરાક, એસિડિટી/ખાટુપાણી પાછુ આવે છે

• એન્ડોસ્કોપીની તપાસ માટે ભુખ્યા પેટે આવવું.

આજે જ સંપર્ક કરી નિદાન કરાવો

ડો. ઉમેશ પી. પરમાર
M.D. (Medicine), D.N.B. (Gastroenterology)
Fellow in Endoscopy

દુર્વા ગેસ્ટ્રો કેર : પાંચમાં માળે, શુભમ્ કોમ્પ્લેક્ષ, કાળુભા રોડ, ભાવનગર. મો. 62903 46516

KRISHNA-9879542542



NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust Amreli
Gokul Hospital

ન્યૂરો અને સ્પાઇન સર્જન હવે.... આપણા અમરેલીમાં

ડો. પ્રતીક પટેલ
એમ.બી.બી.એસ., એમ. એસ. (જનરલ સર્જરી), એમ. સી. એચ. (ન્યુરો સર્જરી)

કેવા દદીઓએ મળવુ જોઇએ ?
- માથાનો દુ:ખાવો
- આંચકી આવવી
- કમર નો દુખાવો મણકા ની તકલીફ
- પગ નો દુખાવો
- મગજ અને કરોડરજ્જુની ગાંઠ
- મગજ અને કરોડરજ્જુની ઇજા
- મગજમાં પાણી ભરાય જવું

વધુ માહિતી માટે સંપક કરો

તારીખ : ૧૪/૫/૨૪
સમય : ૧૧ થી ૧

9978799043, 9978966629

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ, ગોળ હોસ્પિટલ, ચિતલ રોડ, અમરેલી



મનાલી ફરવા જવું હોય કે ગોવા
કેપ્રી, બરમુડા તો આફ્રિન ના જ

ઉનાળા વેકેસન માં ફરવા માટે

સ્પે. એરપોર્ટ કલેશન
કપલ વેર-ટ્રાવેલીંગવેર
રિલેક્ષવેર,
ટી-શર્ટ, શોટર્સ, બરમુડા
સેન્ડો જેવી માટે ફેમેલી માટે
વેરાયટી આવી ગયેલ છે.

9999/- ની ખરીદી પર ટ્રોલી બેગ ફ્રી
5999/- ની ખરીદી પર સાઇડ બેગ ફ્રી

Afreen
11-Jalaram chamber, Library Road, AMRELI - 365601 (Guj.) India.
Siraj Dal - +91 9714477715

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
# અવધ ટાઈમ્સ
તા.૧૪-૦૫-૨૦૨૪ મંગળવાર

# આ દોઢ ડાહ્યા પિત્રોડા જેવા લખ્ખણપૂરા લોકોએ જ કોંગ્રેસની વાટ લગાવી દીધી છે

ઉંમર વધે તેમ માણસોમાં ઠાવકાઈ વધતી હોય છે એવું કહેવાય છે પણ સામ પિત્રોડાના કેસમાં ઉલટું બની રહ્યું હોય એવું લાગી રહ્યું છે. એક સમયે ભારતમાં ટેલીકોમ ક્રાંત સહિતની ક્રાંતિનો યશ જેમને અપાતો હતો એ સામ પિત્રોડા છેલ્લાં કેટલાંક વરસોથી હાસ્યાસ્પદ લવારા પર લવારા કર્યા કરે છે ને છેલ્લા લવારાના કારણે તેમણે ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના પ્રમુખપદેથી રાજીનામું ધરી દેવું પડ્યું છે.

સામ પિત્રોડાએ પોતાના હોદા પરથી રાજીનામું ધરી દેવું પડ્યું તેના મૂળમાં એક વીડિયો છે. પિત્રોડા વીડિયોમાં ભારતના વિવિધ વિસ્તારો રહેતા લોકોની અપમાનજનક લાગે એ રીતે સરખામણી કરતા દેખાય છે. વીડિયોમાં સામ પિત્રોડાને એવું કહેતા સાંભળી શકાય છે કે ભારત અત્યંત વિવિધતા ભરેલો દેશ છે. ભારતમાં પૂર્વવિસ્તારમાં રહેતા લોકો ચીનના લોકો જેવા, પશ્ચિમમાં રહેનારા આરબો જેવા, ઉત્તર ભારતમાં રહેતા લોકો ગોરાઓ જેવા અને દક્ષિણ ભારતમાં રહેનારા આફ્રિકન લોકો જેવા દેખાય છે પણ તેનાથી ફરક પડતો નથી, આપણે બધાં ભાઈ-બહેન છીએ. આપણે તમામ ભાષાઓનું સન્માન કરીએ છીએ. આપણે વિવિધ ભાષા, ધર્મ અને રીતિ-રિવાજોનું સન્માન કરીએ છીએ. આ ભારત પર મારો વિશ્વાસ છે, આ ભારતમાં દરેક વ્યક્તિ બીજી વ્યક્તિનું સન્માન છે અને દરેક વ્યક્તિ કોઈ ને કોઈ જગ્યાએ થોડુંક સમાધાન કરે છે.

પિત્રોડા સાહેબે આ જ્ઞાન કેમ પિરસ્યું તેની તેમને જ ખબર પણ ભાજપે આ મુદ્દાને ઉપાડી લીધો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પિત્રોડાના લવારાને ચૂંટણી પ્રચારનો મુદ્દો બનાવીને સવાલ કર્યો કે, મારા દેશમાં લોકોના રંગ પરથી તેમની યોગ્યતા નક્કી થશે? રંગભેદની રમત રમવાનો અધિકાર શેહઝાદાને કોણે આપ્યો છે? બંધારણને માથે લઈને નાચનારા લોકો મારા દેશનું અપમાન કરી રહ્યા છે.

મોદીએ સામ પિત્રોડાની ટીકા કરી એટલે ભાજપના બીજા નેતા પણ મચી પડ્યા ને હોહા થઈ ગઈ. પિત્રોડાએ વાટેલા ભાંગરાના કારણે સોશિયલ મીડિયા પર પસ્તાળ પડી એટલે કોંગ્રેસે હાથ ખંખેરી નાંખ્યા. કોંગ્રેસ વતી જયરામ રમેશે ચોખવટ કરી કે, સામ પિત્રોડાએ ભારતની વિવિધતા વિશે જે કહ્યું એ ખોટું છે અને કોંગ્રેસને તેની સાથે લેવાદેવા નથી. રમેશની ચોખવટના કલાકોમાં તો પિત્રોડાના રાજીનામાની વાત આવી ગઈ.

પિત્રોડાએ જે વાત કરી એ આઘાતજનક જ નહીં પણ અપમાનજનક પણ છે. આ દેશનાં લોકો બીજા દેશનાં લોકો જેવાં દેખાય છે એવું કહીને પિત્રોડા શું સાબિત કરવા માગે છે તેની તેમને જ ખબર પણ કોઈ પણ પ્રાંતના વ્યક્તિને તેના દેખાવના આધારે મૂલવવા એ સભ્યતાની નિશાની તો નથી જ. પિત્રોડા જેવા માણસ આવી અસભ્યતા આચરે એ આઘાતજનક કહેવાય. આપણે રાજકારણીઓ પાસેથી સભ્ય વર્તનની અપેક્ષા નથી રાખતા પણ સામ પિત્રોડા રાજકારણી પછી બન્યા, એ પહેલાં એક ટેક્નોક્રેટ ને બિઝનેસમેન હતા એ જોતાં તેમની પાસેથી આ પ્રકારની વાતોની અપેક્ષા નહોતી.

પિત્રોડાએ પોતાની મરજીથી રાજીનામું આપ્યું હોવાનું કહ્યું છે પણ કોંગ્રેસે હાથ ખંખેર્યા ને કલાકોમાં તો પિત્રોડા સાહેબને ગડગડિયું પકડાવી દેવાયું તેના પરથી સ્પષ્ટ છે કે, કોંગ્રેસે ડેમેજ કંટ્રોલ માટે રાજીનામું ધરી દીધું છે. પિત્રોડાને રાજીનામું આપવાની ફરજ એટલે પડાઈ કે, પિત્રોડાએ પંદર દિવસના ગાળામાં આ બીજો મોટો ભાંગરો વાટ્યો છે. આ પહેલાં સામ પિત્રોડાએ વારસાઈ ટેક્સ અંગે નિવેદન કરીને ભાંગરો વાટી નાંખ્યો હતો. પિત્રોડાએ દાવો કરેલો કે, અમેરિકામાં વારસામાં મળતી મિલકતો પર ૫૦ ટકા ટેક્સ વારસાઈ ટેક્સ લાગે છે અને આ ખૂબ જ રસપ્રદ કાયદો છે. ભારતમાં એવો કોઈ કાયદો નથી પણ મને લાગે છે કે આ મુદ્દે ચર્ચા થવી જોઈએ.

લોકસભાની ચૂંટણીનો પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો હતો જ ત્યારે પિત્રોડાએ કરેલા બફાટના કારણે ભાજપને મોકો મળી ગયો. ભાજપે આ વાતને ટ્વિસ્ટ કરીને કોંગ્રેસ દેશમાં વારસાઈ ટેક્સ લાવવા માગે છે એવો મુદ્દો ઊભો કરી દીધો અને તમે સંતાનોને સંપત્તિ આપી જાઓ તેના પર પણ ટેક્સ લગાવીને લૂંટ કરવા માગે છે એવો પ્રચાર શરૂ કરીને રાહુલ ગાંધીએ લોકોની સંપત્તિનો સર્વે કરવાની વાત કરી તેને ભાજપ એ રીતે રજૂ કરેલી કે, કોંગ્રેસ સત્તામાં આવશે તો હિંદુઓ પાસેથી સંપત્તિ પડાવીને મુસ્લિમોને આપશે. પિત્રોડાએ વારસાઈ ટેક્સની વાત કરીને ભાજપને કોંગ્રેસ પર પ્રહારો કરવાની તક આપી દીધી. એ વખતે પણ કોંગ્રેસે પિત્રોડાના લવારાના મુદ્દે હાથ ખંખેરીને ચોખવટો કરવી પડેલી. આ ચોખવટોમાંથી કોંગ્રેસીઓ પરવાર્યા નથી ત્યાં પિત્રોડાઓ નવી મોંકાણ ઉભી કરી દીધી એટલે કોંગ્રેસે રવાના કરવા સિવાય બીજો આરો જ ના રહ્યો.

પિત્રોડા નહેરુ-ગાંધી ખાનદાનના ખાસ છે કેમ કે રાજીવ ગાંધી વડાપ્રધાન બન્યા ત્યારે પિત્રોડા તેમના સલાહકાર હતા. રાજીવ ગાંધીને યશ અપાવવામાં પિત્રોડાનું મોટું યોગદાન છે તેથી ૧૯૮૦ના દાયકાથી જ પિત્રોડા નહેરુ-ગાંધી ખાનદાનના ખાસ માણસ બનીને રહ્યા. આ સંજોગોમાં લોકસભાની ચૂંટણીનો પ્રચાર ચાલે છે ત્યાં સુધી પિત્રોડાને બાજુ પર મૂકાય ને પછી પાછા લઈ અવાય એવું બને. ભૂતકાળમાં મણિશંકર ઐયર સહિતના લવરીબાજોના મુદ્દે કોંગ્રેસે એવું કરેલું જ છે એ જોતાં કોંગ્રેસ એ ઈતિહાસ દોહરાવે એવી શક્યતા નકારી ના શકાય.

જો કે પિત્રોડા છેલ્લાં કેટલાંક વરસોથી જે રીતે બફાટ પર બફાટ કર્યા કરે છે એ જોતાં કોંગ્રેસે તેમને પાછા લાવવાનું જોખમ લેવા જેવું નથી. પિત્રોડાએ આ પહેલાં શીખ વિરોધી રમખાણોથી માંડીને રામમંદિર સુધીના મુદ્દે બકવાસ પર બકવાસ કરીને કોંગ્રેસને બહુ નુકસાન કર્યું છે. પિત્રોડાએ રામમંદિર વિશે એવું કહેલું કે, ભારતમાં બેરોજગારી, મોંઘવારી અને શિક્ષણ જેવી સમસ્યાઓ વિશે કોઈ વાત કરતું નથી. દરેક વ્યક્તિ રામ, હનુમાન અને મંદિરની વાત કરે છે. મંદિર બનાવવવાથી કંઈ રોજગારી નથી મળવાની.

પિત્રોડાએ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી વખતે શીખ વિરોધી રમખાણો મુદ્દે બખેડો ખડો કરેલો. ભાજપે રાજીવ ગાંધીને ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણોના માસ્ટરમાઈન્ડ ગણાવ્યા તેની સામે પિત્રોડાએ સવાલ કરેલો કે, અત્યારે ૧૯૮૪ની વાત શું કરવા કરવી જોઈએ? ભાજપે પાંચ વર્ષમાં શું કર્યું છે તેની વાત કરો.

પુલવામામાં થયેલા આતંકી હુમલાના જવાબમાં ભારતે પાકિસ્તાનના બાલાકોટમાં એરસ્ટ્રાઈક ત્યારે પિત્રોડાએ કહ્યું હતું કે, કેટલાક આતંકીઓએ કર્યો હુમલો તેની સજા આખા પાકિસ્તાનને કેમ આપવામાં આવી રહી છે? આ પિત્રોડા સાહેબે કરેલું ચિતરામણ છે ને આવાં ચિતરામણોએ જ કોંગ્રેસની વાટ લગાડી છે

## અમરેલી જીલ્લામાં યમરાજાએ ડેરા તંબુ તાણ્યા હોય તેમ

# અમરેલી જીલ્લામાં કમોતના ત્રણ બનાવો

### કુંડલામાં પ્રૌઢનું ગળાફાંસો ખાતા , ધારીના છતડીયામાં પાણીના ટાંકામાં પડી જતા યુવાનનું તેમજ કુંડલામાં પરીણીતાનું આંચકી આવતા મોત

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

અમરેલી જીલ્લામાં યમરાજાએ ડેરા તંબુ તાણ્યા હોય તેમ વધુ ત્રણ કમોતના બનાવો પોલિસમાં જાહેર થયેલ. સાવરકુંડલામાં પ્રૌઢનું ગળાફાંસો ખાતા , ધારીના છતડીયામાં પાણીના ટાંકામાં પડી જતા યુવાનનું તેમજ સાવરકુંડલામાં પરીણીતાનું આંચકી આવતા મોત નિપજયું હતું. સાવરકુંડલા દેવળા ગેઈટ બાવાવાળું નાકું રાજુભાઈ ખુશાલભાઈ વાળા ઉ.વ.૪૦ ના લગ્ન થયેલ ન હોય . અને એકલવાયું જીવન જીવતા હોય. જેથી કંટાળી પોતાના ઘરે પોતાની મેળે પંખા સાથે સાડી બાંધી ગળાફાંસો ખાઈ જતા મોત નિપજયાનું મનોજભાઈ ખુશાલભાઈ વાળાએ સાવરકુંડલા પોલિસ મથકમાં જાહેર કરેલ છે. બીજા બનાવમાં સાવરકુંડલા મણીનગર પ્રેસ પાછળ રહેતી પરીણીતા નિલોફરબેન ઈમરાનભાઈ શેરુકા ઉ.વ. ૩૨ ને નાનપણથી આંચકી આવવાની બિમારી હોય. જેની દવા પણ શરૂ હોય. પોતાના ઘરે આંચકી આવતા મૃત્યું પામ્યાનું ઈમરાનભાઈ દીલાવરભાઈ શેરુકાએ સાવરકુંડલા પોલિસ મથકમાં જાહેર કરેલ છે. ત્રીજા બનાવમાં ધારી તાલુકાના છતડીયા ગામે રહેતા જયસુખભાઈ વલ્લભભાઈ થળેસા ઉ.વ. ૩૫ ને કાંઈ કામધંધો મળતો ન હોય .અને અવાર નવાર પત્નિ સાથે બોલાચાલી થતી હોય. જેથી પોતાની મેળે ગામમાં આવેલ પાણીના ટાંકામાં પડી જતા પાણીમાં ડુબી જવાથી મોત નિપજયાનું ગોરધનભાઈ વલ્લભભાઈ થળેસાએ ધારી પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

## ઘર પાસે બાઈક ધીમું ચલાવવાનું કહેતા

# રાજુલાના નાના મછુંદડામાં યુવાન ઉપર હુમલો

### મારમારી જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

રાજુલા તાલુકાના નાના મચ્છુદડા ગામે રમેશભાઈ ઉર્ફે ભુલો નાનજીભાઈ મારૂ ઉ.વ. ૩૪ ના ઘર પાસે તેના જ ગામના અમરા ભાયાભાઈ અરડુ પુરઝડપે બાઈક લઈ નીકળતા હોય જેથી ઘર પાસે બાઈક ધીમું ચલાવવાનું કહેતા સારૂ નહી લાગતા રમેશભાઈને ગાળો બોલી જ્ઞાતિપ્રત્યે હડધુત કરી માથામાં પાઈપનો ઘા મારી ઈજા પહોંચાડી ધમકી આપ્યાની ડુંગર પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ખમણ ઢોકળાના પાર્સલના વેપારીએ પૈસા માંગતા

# સાવરકુંડલામાં પ્રૌઢ વેપારી ઉપર જીવલેણ હુમલો

### એક શખ્સે માથામાં કુહાડી મારી જીવલેણ હુમલો કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)


સાવરકુંડલા હાથસણી રોડ આસોપાલવ સોસાયટી બ્લોક નં.૧૦૫ માં રહેતા વિષ્ણુભાઈ લાભશંકરભાઈ ભરાડ ઉ.વ. ૪૯ની પંચવટી સોસાયટીના ખુણા પાસે આવેલ ખમણ ઢોકળાની દુકાને વાસીફ લલીયા બે વખત ઢોકળાનું પાર્સલ લઈ ગયેલ. અને તેના પૈસા આપેલ ન હોય.

અને ફરીવાર ખમણ ઢોકળાનું પાર્સલ માંગતા અગાઉના પૈસા વિષ્ણુભાઈએ માંગતા સારૂ નહી લાગતા વાસીફે ગાળો બોલી કાઠલો પકડી ગાલ ઉપર ઝાપટ મારી તેનું બાઈક લઈને થોડીવારમાં આવુ તેવું કહી જતો રહી ફરી બાઈક લઈને આવી મારી નાખવાના ઈરાદે બાઈકમાંથી કુહાડી કાઢી માથામાં કપાળના ભાગે ડાબી બાજુ જીવલેણ હુમલો કરી કુહાડીના બે ઘા માથા ઉપર મારવા જતા ડાબો હાથ આડો કરતા ડાબા હાથમાં ઈજા કરી ગુનો કર્યાની સાવરકુંડલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## વંડા ગ્રામ્ય વિસ્તાર કેળવણી મંડળ સંચાલિત

# વંડામાં પીપીએસ હાઇસ્કુલનું ધો. ૧૨ નું ૯૪. ૯૪ ટકા પરિણામ

### શાળામાં પ્રથમ નંબરે બગડા માનસીએ ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવ્યાં : ધો.૧૦નું ૬૪.૯૬ ટકા પરિણામ





વંડા,

સાવરકુંડલાના વંડા ગામે વંડા ગ્રામ્ય વિસ્તાર કેળવણી મંડળ સંચાલિત શ્રી પી.પી.એસ. હાઈસ્કુલ ૧-૭-૫૯ થી શિક્ષણનું શ્રેષ્ઠ કાર્ય કરી રહેલ છે. આ શાળાનું દર વર્ષે ઉમદા પરિણામ આવે છે. આ વર્ષે ધો.૧૨ નું શાળાનું પરિણામ ૯૪.૯૪ ટકા આવેલ છે. શાળામાં પ્રથમ નંબરે બગડા માનસી વિનુભાઈ આવેલ છે. તેમને તત્વજ્ઞાન તથા ભુગોળ વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ સાથે ૯૨.૮૫ ટકા મેળવેલ છે. જ્યારે બીજા ક્રમે કંટારીયા અસ્મિતા સવજીભાઈ ૮૮.૪૨ ટકા, ત્રીજા ક્રમે ખસીયા આરતી ચીમનભાઈ ૮૭.૪૨ ટકા અને બોરીચા ઉપાસના મંગળુભાઈ ૮૭.૪૨ ટકા મેળવેલ છે. આમ શાળાનું શ્રેષ્ઠ પરિણામ આવેલ છે. ધો.૧૦ નું શાળાનું પરિણામ ૬૪.૯૬ ટકા આવેલ છે.

જેમાં પ્રથમ નંબરે બારૈયા ક્રિષ્ના લાલજીભાઈએ ૯૪.૯૨ પીઆર સાથે એ ટુ ગ્રેડ મેળવેલ છે બીજા નંબરે સરવૈયા જયરાજસિંહ વિરમદેવ ૯૩.૧૧ પીઆર સાથે એટુ ગ્રેડ ાવેલ છે. ત્રીજા ક્રમે ડોબરીયા દર્શન હરેશભાઈ ૯૨.૦૪ પીઆર સાથે એટુ ગ્રેડ મેળવેલ છે. તેમજ શાળાના કુલ એટુ ગ્રેડમાં ૫ વિદ્યાર્થીઓ આવેલ છે. જેમાં સોનપાલ નેહા પ્રજ્ઞેશભાઈ ૮૯.૩૩ એટુ અને ખસીયા દ્રષ્ટી લાલજીભાઈ ૮૮.૦૫ એટુ મેળવેલ છે. શાળાના આચાર્ય શ્રી સંજયભાઈ ચૌહાણ તથા ટ્રસ્ટી મંડળના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મનજીભાઈ તળાવીયા તથા મંત્રીશ્રી કાંતિભાઈ પાંચાણીએ શાળાના તમામ સ્ટાફ તથા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવેલ છે.

# રાજુલામાં માતા અને નાની દિકરીએ ઝેરી દવા પી લીધી

### પતિની આર્થિક પરીસ્થિતિની ચિંતાથી પગલું ભર્યું

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

રાજુલામાં રહેતી જાગૃતિબેન મુકેશભાઈ શીયાળ ઉ.વ.૨૬ ના પતિ મુકેશભાઈ ધનજીભાઈ શીયાળ છેલ્લા ૨૦ દિવસથી બટેટા ભુંગળા વેચવાનું શરૂ કરેલ હોય. પરંતુ આ વ્યવસાયથી તેમનો ઘર ખર્ચ માંડ નીકળતો હોય. અને પતિ આર્થિક ખેંચના લીધે સતત ચિંતામાં ઉદાસ રહેતા હોય. જેથી આ પરિસ્થિતિ જોવાતી ન હોય. જેથી પોતાને લાગી આવતા જાગૃતિબેને પોતાના ઘરે અનાજમાં નાખવાની ગોળીઓ પાણીમાં ભેળવી પી જઈ પોતાની દિકરી તેજસ્વીને ખીચડીમાં બે ગોળી ભેળવી ખવડાવી દેતા ઝેરી અસર થતા સારવાર માટે દવાખાને ખસેડવામાં આવેલ.

# નવા ઝાંઝરીયામાં બંધ રહેણાંક મકાનમાં તસ્કરો ત્રાટકયા

### મકાનના તાળા તોડી રોકડ રૂા. ૩૫ હજાર અને બાઈક મળી રૂા. ૫૦ હજારની ચોરી

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

બગસરા તાલુકાના નવા ઝાઝરીયા ગામે હાલ અમદાવાદ રહેતા રમેશભાઈ બાબુભાઈ કોલડીયાના બંધ મકાનમાં તા.૨૧-૪ થી ૯-૫-૨૪ દરમ્યાન કોઈ તસ્કરોએ મકાનના મેઈન ડેલાનું તાળુ તોડી મકાનમાં પ્રવેશ કરી ઘરના રૂમના કબાટમાં લોકરમાં રાખેલ રોકડ રૂ/.૩૫,૦૦૦ તથા હોન્ડા સ્પેશન બાઈક જી.જે.૦૧ જે.એમ. ૧૫૧૪ રૂ/.૧૫,૦૦૦ મળી કુલ રૂ/.૫૦,૦૦૦ ની માલમતાની ચોરી કરી ગયાની બગસરા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### સાવરકુંડલાના લીંખાળા અને ચલાલામાં મોબાઈલ ચોરાયા

અમરેલી, સાવરકુંડલા તાલુકાના ખડસલી ગામના અનિરુધ્ધભાઈ છોટુભાઈ ત્રિવેદીનો ઈન્ફીનીકસ કંપનીનો સીમ સાથેનો મોબાઈલ રૂ/.૯૮૦૦ ની કિંમતનો લીખાળા ગામે પાણીના ટાંકા પાસે પેન્ટના ખીસ્સામાંથી પડી જતા કોઈ ચોરી ગયાની સાવરકુંડલા રૂરલ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. તેમજ ચલાલા ભીમનાથ પાનના ગલ્લા નજીક પ્રતિકભાઈ બાબુભાઈ સાવડીયાનો વીવો કંપનીનો રૂ/.૧૭,૯૯૦ ની કિંમતનો મોબાઈલ પડી જતા કોઈ ચોરી ગયાની ચલાલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# જુનાગઢ પોલીસે બાઇક ચોરીમાં મુદામાલ સાથે ઝડપી પાડયો



જુનાગઢ, (હિતેષપારેખ) જુનાગઢ એ ડિવીઝન પીઆઈ વિ. જે. સાવજ પીએસઆઈ ઓ.આઈ. સીદી તથા પોલીસ સ્ટાફે જુનાગઢ પંચેશ્વર વિસ્તારમાંથી ચોરાયેલ હિરોહોન્ડા બાઈક તથા સ્પ્લેન્ડર બાઈક મળી રૂા.૬૫ હજારના મુદામાલ સાથે જુનાગઢના કરણ બાબુભાઈ સોમણીને મુદામાલ સાથે ઝડપી પાડયો હતો.

# ચોકી ચાર રસ્તાથી કુંકાવાવ તરફ જતા રોડે ફોરવ્હીલમાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી ઝડપી લેતી અમરેલી એલસીબી

### ઈંગ્લીશ દારૂ ૬૮૪ બોટલ , બીયર ટીન ૪૮ નંગ બે મોબાઈલ અને ફોરવ્હીલ મળી રૂા.૬,૧૩,૪૦૮ નો મુદામાલ કબ્જે કરાયો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલી એલસીબીના હે. કોન્સ. રાહુલભાઈ ચાવડાએ ચોકી ચાર રસ્તાથી કુંકાવાવ જવાના રસ્તે પુલ પાસે ચોટીલા તાલુકાના ચાણપા ગામના જયરાજ પ્રવિણભાઈ ધાધલ , રાજદિપ નિર્મળભાઈ બસીયાને મારૂતિ સુઝુકી સ્વીફ્ટ ફોરવ્હીલ જી.જે. ૦૧ ડબલ્યુ. જી. ૫૨ માં ઈંગ્લીશ દારૂની હેરાફેરી કરતા ઈંગ્લીશ દારૂ ૬૮૪ બોટલ , બીયર ટીન ૪૮ નંગ બે મોબાઈલ અને ફોરવ્હીલ મળી રૂ/.૬,૧૩,૪૦૮ નો મુદામાલ કબ્જે કરાયો હતો .અને બે આરોપીઓને ઝડપી પાડયા હતા. જેમાં ધ્રુવિત પ્રતાપભાઈ વાળા રહે.કુબડા તા. ધારીવાળાએ મુદામાલ મંગાવી ગુનામાં એકબીજાએ મદદગારી કર્યાની વડિયા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# લીલીયાની અમૃતબા વિદ્યાલયનું ધો. ૧૦ બોર્ડનું ૭૫ ટકા પરિણામ

### શાળા સંચાલક મંડળ અને શાળા પરિવારે વિદ્યાર્થીઓને બિરદાવ્યા

લીલીયા, લીલીયા મહાલ કેળવણી મંડળ સંચાલિત શ્રી અમૃતબા વિદ્યાલય ધો. ૧૦ બોર્ડનું ૭૫ ટકા પરિણામ આવતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ખુશી વ્યાપી હતી. ધો. ૧૦ બોર્ડ પરિક્ષા માર્ચ ૨૦૨૪માં ૧૦૪ વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી. જેમાંથી ૭૮ વિદ્યાર્થીઓ પાસ થયેલ. શાળા પ્રથમ માણસુરીયા ઉત્સવે એવન ગ્રેડ સાથે પાસ થયેલ છે. શાળા સંચાલક મંડળના પ્રમુખ શ્રી અરૂણભાઈ પટેલ, મંત્રીશ્રી મગનભાઈ વિરાણી, માવજીભાઈ લહેરી, મનસુખભાઈ ચોપડા, ધીરૂભાઈ ઉમેઠીયા, બાબુભાઈ ધામત, શાળાના આચાર્ય હસમુખભાઈ કરડ સહિતના સ્ટાફ અને કર્મચારીઓએ પાસ થયેલા વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતાં.

## વાહ ક્યા સીન હૈ..!



### નિર્ભય

સામાજિક કાર્યકરતા યુવા આયકોન પપ્પા ભરત કાતરીયા તથા મમ્મી ચંદ્રિકાબેન દાદા રામભાઈ દાદી શાંતાબેન કાતરીયા પરિવાર લાડલો નો આજે જન્મ દિવસ છે

# અમરેલી જાની પરિવાર તથા સમસ્ત બ્રહ્મ સમાજનું ગૌરવ

### વૃષ્ટિ જાનીએ ધો. ૧૨ બી ગૃપમાં ૯૧. ૩૫ પીઆર મેળવ્યા



અમરેલી, અમરેલીના આર્યુવેદિક ડો. નિખીલેશ જાની તથા હર્ષિતાબેન જાનીની સુપુત્રી વૃષ્ટિ જાનીએ ધો. ૧૨ સાયન્સ બી ગૃપમાં ૯૧.૩૫ પીઆર મેળવતા જાની પરિવાર તથા અમરેલી ઔદિચ્ય ઝાલાવાડી બ્રહ્મ સમાજ તથા બ્રહ્મ સમાજનું ગૌરવ વધરતા દાદા વિનોદભાઈ જાની, દાદી નયૈનાબેન તથા જાની પરિવારના બંધુ તથા કાકા, નાની, નાનાએ આર્શિવાદ સાથે બિરદાવેલ છે. સ્કુલ નિયામક મેહુલભાઈ અંકુરભાઈ તથા જતીનભાઈએ ઉત્તરોતર પ્રગતિ કરે તેવા આર્શિવાદ તેમજ વિદ્યાગુરૂ સ્કુલનું પણ ગૌરવ વધારેલ છે સાથે અરવિંદભાઈ (જાનીદાદા)ની યાદીમાં જણાવેલ છે.

# લીલીયા શ્રીમતી શાંતાબેન કન્યા વિદ્યાલયનું ધોરણ ૧૦ બોર્ડમાં ૯૨. ૭૨ ટકા પરિણામ આવ્યું

### એવન ગ્રેડમાં ૧ વિદ્યાર્થીની અને એટુ ગ્રેડમાં ૧૮ વિદ્યાર્થીનીઓ



લીલીયા, લીલીયા મહાલ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી શાંતાબેન કન્યા વિદ્યાલય ધો. ૧૦ બોર્ડ માર્ચ ૨૦૨૪નું પરિણામ જાહેર થતાં શાળાનું ૯૨.૭૨ ટકા પરિણામ સાથે લીલીયા તાલુકામાં શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરીની પરંપરા જાળવી રાખેલ છે. જેમાં એવનગ્રેડમાં એક વિદ્યાર્થીની અને એટુ ગ્રેડમાં ૧૮ વિદ્યાર્થીનીઓ આવેલ છે. જેમાં એવનમાં સોરઠીયા બંસરી પ્રવિણભાઈ ૯૬.૯૦ પીઆર, દ્વિતીય એટુમાંમાં સોળીયા વેનિષા જયસુખભાઈ ૯૬.૫૧ પીઆર તૃતીય ચાવડા દુર્વા નિતિશભાઈ એટુમાં ૯૫.૮૨ પીઆર મેળવતા કેળવણી મંડળના પ્રમુખ શ્રી અરૂણભાઈ પટેલ, મંત્રીશ્રી મગનભાઈ વિરાણી, માવજીભાઈ લહેરી, મનસુખભાઈ ચોપડા, ધીરૂભાઈ ઉમેઠીયા, બાબુભાઈ ધામત, શાળાના આચાર્ય હસમુખભાઈ કરડ સહિતના સ્ટાફ અને કર્મચારીઓએ પાસ થયેલા વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતાં.

# ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

## આજનું પંચાગ

તા. ૧૪.૫.૨૦૨૪ મંગળવાર ,સંવંત ૨૦૮૦ વૈશાખ સુદ સાતમ, પુષ્ય નક્ષત્ર ,ગર કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ કર્ક (ડ,હ) રહેશે.

મેષ (અ,લ,ઈ) : નાની નાની ખુશી પ્રાપ્ત કરી શકો, પરિવાર સાથે આનંદ માણી શકો,મુસાફરી થાય,શુભ દિન.
વૃષભ (બ,વ,ઉ) : તમારા વિચારોને અમલમાં મૂકી શકો .ભાઈ ભાંડુ સુખ સારું રહે,રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
મિથુન (ક,છ,ઘ) : કાર્યમાં એક નવી શરૂઆત થતી લાગે, તમારા સૌમ્ય વાણી વર્તનથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો,શુભ દિન.
કર્ક (ડ,હ) : ઘણા વણઉકેલ પ્રશ્નોના જવાબ આજે મેળવી શકશો, આજના દિવસે તમામ મોરચે તમે સારી રીતે આગળ વધી શકો.
સિંહ (મ,ટ) : કોઈ બાબતને અહમનો પ્રશ્ન ના બનાવવો, વાદ વિવાદ થી દૂર રહેવું,મતભેદ નિવારવા સલાહ છે,મધ્યમ દિવસ.
કન્યા (પ ,ઠ ,ણ) : અંગત લોકો અને સગા સ્નેહી મિત્રોથી સારું રહે,આગળ વધવાની તક પ્રાપ્ત થાય.દિવસ સારો રહે.
તુલા (ર,ત) સ્ત્રીવર્ગ પોતાની પતિભા બતાવી શકે, વેપારીવર્ગ ને મધ્યમ રહે ,નોકરિયાત વર્ગની પ્રગતિ થાય.
વૃશ્ચિક (ન ,ય) : યોગ્ય સમય પર યોગ્ય નિર્ણય કરી શકો, ભાગ્યની દેવી રીઝતી જણાય,નવીન તક હાથમાં આવે.
ધન (ધ,ભ,ફ,ઢ ) : જે બાબત વિચારી હોય તે બનતી જોવા મળે, દૂર દેશ થી સારા સમાચાર મળે,જુના મિત્રોને મળવાનું થાય.
મકર (ખ,જ) : સામાજિક રીતે આગળ વધી શકો, જાહેરજીવનમાં સારું રહે,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય,શુભ દિન.
કુંભ (ગ,સ,શ) :ખાવા પીવામાં પરેજી રાખવી જરૂરી બને છે , તબિયતની કાળજી લેવી,વધુ પડતી દોડધામ નિવારવા સલાહ

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૯૩૯ થી ૧૫૧૮ મગફળી ૯૬૩ થી ૧૨૪૯

***અમરેલી માર્કેટ યાર્ડ***
શિંગમઠડી-૧૦૨૦-૧૨૭૬
શિંગમોટી-૯૬૩-૧૨૪૯
ધાણી-૧૧૫૫-૧૮૦૦
તલસફેદ-૧૯૨૫-૩૦૮૫
તલકાળા-૨૨૯૧-૩૨૭૦
એરંડા-૭૫૫-૧૦૬૩
ઘઉંટુકડા-૪૩૫-૬૮૦
ઘઉંલોકવન-૪૩૧-૫૯૭
મરચાલાંબા-૬૨૦-૨૭૧૦
ચણા-૮૮૦-૧૨૧૭
કપાસ-૯૩૯-૧૫૧૮
રાયડો-૯૬૫-૯૯૫
જીરૂ-૨૯૦૦-૫૨૬૦
ધાણા-૧૦૦૦-૧૪૭૦
સોયાબીન-૭૫૦-૮૩૨
તુવેર-૧૩૦૦-૨૦૩૫
રાયડો-૯૬૫-૯૯૫

***અમરેલી શાકભાજી***
બટેટા-૪૦૦-૫૦૦
રીંગણા-૪૧૦-૫૧૦
ફલાવર-૩૦૦-૪૦૦
કોબીઝ-૧૬૦-૨૧૦
ટમેટાં-૩૧૦-૪૧૦
વટાણા-૧૬૦૦-૨૦૦૦
ગાજર-૨૧૦-૩૧૦
ગલકા-૨૦૦-૩૦૦
કાકડી-૨૨૦-૩૨૦
ગુવાર-૩૦૦-૫૦૦
દુધી-૨૧૦-૩૧૦
તુરીયા-૩૧૦-૫૧૦
ભીડો-૨૩૦-૪૩૦
આદુ-૨૧૦૦-૨૫૦૦
કોથમીર-૩૨૦-૪૨૦
મેથીભાજી-૬૦૦-૭૦૦
ટીંડોરા-૨૨૦-૩૨૦
લીમડોમીઠો-૧૪૦-૧૯૦
મરચાલીલા-૨૦૦-૪૦૦
લસણસુકું-૧૪૧૦-૩૦૧૦
લીંબુ-૧૦૦૦-૧૬૦૦
પાલક-૪૪૦-૫૪૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૦૦-૫૪૧
જુવાર-૪૨૫-૮૩૦
ઘઉં-૪૭૦-૫૬૦
ધાણા-૧૩૦૦-૧૪૦૦
ચણા-૧૦૦૦-૧૨૧૧
અડદ-૧૮૫૧-૧૮૫૦
એરંડી-૯૫૦-૧૦૩૦
જીરૂ-૪૨૭૫-૪૭૦૦
કપાસ-૧૦૦૦-૧૪૬૪
તુવેર-૧૪૦૦-૧૪૦૦
મેથી-૬૫૦-૯૦૦

**મહુવાયાર્ડ**
ઘઉં-૩૫૧-૬૫૦
ડુંગળીલાલ-૧૪૪-૨૯૫
ડુંગળીસફદે-૧૭૬-૨૮૨
તલસફેદ-૨૩૦૦-૨૮૯૭
તુવેર-૧૭૨૫-૨૦૧૦
જીરૂ-૧૩૦૦-૫૦૪૨
ચણા-૭૬૦-૧૨૨૬
નાળીયેર-૪૫૦-૧૮૨૦
મકાઈ-૪૧૯-૪૧૯
કપાસ-૯૦૦-૧૪૩૦
મગ-૧૬૧૮-૧૭૫૯

**બાબરા**
કપાસ-૧૨૫૫-૧૫૦૫
મગ-૧૪૧૦-૧૯૦૦
ચણા-૧૧૪૪-૧૨૩૬
ઘઉં-૪૯૦-૫૫૦
એરંડા-૯૫૮-૧૦૧૨
જીરૂ-૩૮૩૦-૫૪૦૦
મગફળી-૧૦૯૦-૧૧૫૦
તલ-૨૨૯૦-૨૮૦૦

**ધારી**
કપાસ-૧૩૦૫-૧૪૫૧
તલ-૨૬૫૦-૨૬૫૦
શીંગફાડા-૧૧૧૫-૧૩૨૧
મગ-૧૬૯૫-૧૭૪૯
ચણા-૧૧૬૧-૧૨૦૦
ઘઉં-૩૮૦-૫૧૪
મેથી-૯૫૦-૧૦૦૦
સોયાબીન-૫૭૦-૭૯૦
ધાણા-૧૨૩૦-૧૩૦૮

***સાવરકુંડલા માર્કેટયાર્ડ***
શીંગમોટી-૧૧૫૧-૧૨૩૧
તલસફેદ-૨૭૦૦-૩૦૫૦
જીરૂ-૩૫૦૦-૫૪૬૦
તુવેર-૧૫૭૫-૧૯૦૦
કપાસ-૧૪૦૦-૧૫૨૧
ઘઉં-૫૦૦-૫૫૦
મેથી-૯૦૦-૧૨૦૦
ધાણા-૧૦૦૦-૧૩૦૦
ચણા-૧૧૮૦-૧૨૫૧
રાયડો-૧૧૦૧
જુવાર-૪૦૦-૬૭૭

**ખાંભા**
કપાસ-૧૨૧૩-૧૪૬૯
મેથી-૯૭૦-૯૭૧
ચણા-૧૧૮૧-૧૨૨૦
ઘઉં-૪૩૫-૫૧૧
બાજરો-૪૫૧-૪૫૧
મકાઈ-
જુવારસફેદ-૬૯૦-૬૯૦
તલસફેદ-૨૬૮૫-૨૬૮૫

**બગસરા**
કપાસ-૧૧૦૦-૧૪૦૫
તુવેર-૧૨૨૦-૧૭૦૧

લસણ-
ઘઉંલોકવન-૪૨૦-૫૧૫
ઘઉંટુકડા-૪૦૨-૫૨૧
મગ-૧૨૦૦-૧૭૦૦
ચણા-૯૪૦-૧૧૮૦
ધાણા-૧૦૧૫-૧૩૪૫
અડદ-૧૮૦૦-૧૮૦૦
જીરૂ-૩૪૨૦-૪૫૦૯
જુવાર-૩૭૦-૩૭૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૩૦૦-૫૨૦
દાડમ-૪૦૦-૧૧૦૦
મુસંબી-૫૦૦-૭૫૦
સંતરા-૫૦૦-૯૦૦
કીવી-૩૦૦૦-૫૧૦૦
ડ્રેગન ફ્રુટ-૨૨૦૦-૩૧૦૦
માલટા-૫૦૦-૭૦૦
ટેટી-૩૦૦-૬૫૦
કેળા-૪૦૦-૫૫૦
પોપૈયા-૩૦૦-૪૨૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૨૦૦૦-૩૧૦૦
અનાનસ-૯૦૦-૧૨૦૦

**લીલીયા**
કપાસ-

### અમરેલી આજનુ તાપમાન

મહ ામ તાપમાન ૪૦.૩
ન્યુનતમ તાપમાન ૨૨.૫
ભેજનું પ્રમાણ ૪૦
પવનની ગતિ સરેરાશ-.૬.૮

### રાષ્ટ્રવાદ સાથે પ્રધાનમંત્રી-સહકાર મંત્રીના સંકલ્પને પરિપૂર્ણ કરશું, સહકાર ક્ષેત્રે નવી ચેતના અને લોકાભિમુખ કાર્યશૈલીનું સ્ત્રોત એટલે ઇફકો : ઇફકોનાં ચેરમેન પદે શ્રી સંઘાણી બિનહરીફ

# જિલ્લા ભાજપ કાર્યાલયે શ્રી દિલીપ સંઘાણીનાં વધામણા

**પક્ષનાં સ્થાપના દિવસોને યાદ કરી કાર્યકરોનાં કર્તવ્યને બિરદાવી ભાવવિભોર થતા ઇફકોનાં ચેરમેન શ્રી સંઘાણી**

**અટલ બિહારી બાજપાઈ, લાલકૃષ્ણ અડવાણી, કેશુભાઈ પટેલ, મકરંદભાઈ દેસાઈ સહિતનાં વડીલોની જનસેવા દેશમાં વડલો બનીને ચોમેર ફેલાયો : શ્રી દિલીપ સંઘાણી**

**કાર્ડ સંસ્થાના માધ્યમથી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની યોજનાઓ ગ્રામ્ય ઉત્થાન માટે કામ કરશે**


**રોજગારીનાં દ્વાર ખોલવા શ્રી સંઘાણીએ સતત સંઘર્ષ કરી અમર ડેરીથી શ્વેતક્રાંતી લાવતા ગામડા, ખેતી અને ખેડુતોનો વિકાસ થયો છે : શ્રી અશ્વિન સાવલીયા**



અમરેલી,

રાષ્ટ્રવાદ અને વિકાસના સંકલ્પ સાથે ભારતીય જનતા પક્ષ કર્તવ્યનિષ્ઠ કાર્યકર્તાઓના અવિરત સહકાર થી સમગ્ર દેશમા પ્રજા કલ્યાણનુ કામ કરી રહયો છે તેને વધુ તેજ ગતિએ આગળ ધપાવવાનું કામ સૌએ સાથે મળીને કરવાનું છે તેમ દેશની સહકારી ક્ષેત્રની શિરમોર સંસ્થા ઈફકોના ચેરમેન પદે બિનહરિફ થયા બાદ જીલ્લા પરિવાર દ્વારા અમરેલી ખાતે યોજાયેલ અભિવાદન કાર્યક્રમને લાગણીસભર સંબોધનમા દિલીપ સંઘાણીએ જણાવેલ. સંઘાણી એ ભાજપના સ્થાપનાકાળને યાદ કરી તે સમયના નેતૃત્વ મહાનુભાવો-કાર્યકરોને યાદ કર્યા એટલુ જ નહિં જનસંઘના હસુભાઈ ત્રિવેદીને યાદ કરીને અમરેલીના કાર્યકર્તાઓને બિરદાવ્યા હતા. સંઘાણીએ વધુમા જણાવેલ કે, સહકાર સૌને સાથે રાખીને ચાલે છે તેથી દેશનો કોઈપણ નાગરીક પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આ ક્ષેત્ર સાથે સંકળાયેલો છે. તેમણે જણાવેલ કે કેન્દ્ર-રાજયસરકારની વિવિધ ગ્રામ્ય ઉથ્થાનની યોજનાઓ, ખેડૂતો, પશુપાલકો, મત્સ્યોદ્યોગ કૃષિ અને ગ્રામ વિકાસ પરિષદ(કાર્ડ) ના માધ્યમથી લોકો સુધી પહોચાડવાનું કામ કરશે તેમ જણાવી ઉપસ્થિત સૌ પ્રત્યે આભાર પ્રગટ કરેલ. સાથોસાથ સંઘાણી ના ૭૧-મા દિવસને અમરેલીએ બેવડી ખુશી સાથે શુભેચ્છાઓનો ધોધ વહાવેલ. અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા એ જણાવેલ કે, અમર ડેરીના માધ્યમથી રોજગારીના ખોલવા સંઘાણીએ સતત સંઘર્ષ કરેલ ગામડા, ખેતિ, ખેડૂત, શ્રમીકોનો વિકાસ આપણે સૌ જોઈ શકીએ છીએ તે અમર ડેરી છે. સાંસદ નારણભાઈ કાછડીયા એ જણાવેલ દિલીપભાઈ એ કાર્યકર્તાઓનું સંવર્ધન અને અનેક ક્ષેત્રેમા આજીવીકા પ્રદાન કરી છે. અમરેલી જીલ્લામા ભાજપનો પાયો સ્થાપિત કરીને કમળ ને ઘરઘર સુધી પહોચાડવાનું કામ કરેલ છે. અભિવાદન સમારંભમા પીઠાભાઈ નકુમએ સ્વાગત પ્રવચન કરેલ. આભાર વિધી અમરેલી જીલ્લા ભાજપના મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયાએ કરેલ જયારે કાર્યક્રમનું સંચાલન શહેર મહામંત્રી રાજેશભાઈ માંગરોળીયાએ કરેલ.

### ચાવંડના સોરઠીયા પરિવારનું ગૌરવ



લાઠી, (વિશાલ ડોડીયા) અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના ચાવંડ ના અશોકભાઈ દેહાભાઈ સોરઠીયાના સુપુત્ર દેવ સોરઠીયાએ એચ.એસ.સી.બોર્ડની પરીક્ષામાં ૯૯.૨૪ P.R. સાથે એકાઉન્ટ વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ માર્કસ મેળવીને સમગ્ર ગુજરાત રાજ્યમાં વિષય પ્રથમ સાથેની સિદ્ધિ બાબરાની શ્રી વિવેકાનંદ સ્કૂલ ખાતે અભ્યાસ દરમ્યાન હાંસિલ કરતા સોરઠીયા પરિવારનું ગૌરવ દેવ સોરઠીયાએ વધાર્યું છે ને ચાવંડ ગામનું ગૌરવ વધાર્યું છે.

## સાવરકુંડલાથી અમરેલી અને અમરેલીથી કુંડલા લોકલ એસટી બસને વાડીએ સ્ટોપ આપવા માંગ

### પુર્વ ઉપસરપંચ અને ભાજપ અગ્રણી શ્રી ચોડવડીયાએ ધારાસભ્યને રજુઆત કરી

કેરિયાનાગસ, (ભરત હરખાણી) સાવરકુંડલા તાલુકાના સીમરણ વાડીએ સાવરકુંડલાથી અમરેલી અને અમરેલીથી સાવરકુંડલા તરફ જતી લોકલ એસટી બસને સીમરણ વાડીએ સ્ટોપ આપવામાં આવતો નથી. જેથી મુસાફરોને ખુબ જ હાલાકી ભોગવવી પડે છે. અને ના છુટકે પ્રાઈવેટ વાહનોમાં મુસાફરી કરવી પડે છે. અમુક જ લોકલ એસટી બસને સીમરણ વાડીએ સ્ટોપ આપવામાં આવે છે. જેથી મુસાફરો, વિધાર્થીઓ અને રત્ન કલાકારોને ઘણી મુશ્કેલીઓ પડે છે. સીમરણ વાડીએ સીમરણ, જીરા, બોરાળા, કરજાળા અને નવા ચરખા એમ પાંચ ગામનું બસસ્ટેશન છે. અને અહીંથી પાંચ ગામના મુસાફરોને લોકલ એસટીબસનો સ્ટોપ ન કરતા હોવાથી ખુબ જ મુશ્કેલી પડે છે. તો સીમરણ વાડીએ સાવરકુંડલાથી અમરેલી તરફ જતી અને અમરેલીથી સાવરકુંડલા તરફ જતી તમામ લોકલ એસટી બસને સીમરણ વાડીએ સ્ટોપ આપવા સીમરણના પુર્વ સરપંચ અને ભાજપ અગ્રણી ભરતભાઈ ચોડવડીયા દ્વારા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને રજુઆત કરી છે. જેની નકલ ડેપો મેનજર સાવરકુંડલાને આપેલ છે.


અમરેલી જિલ્લાના આયુષ્માન કાર્ડ ધારકો માટે ખુશ ખબર...
શ્રી રાઘવેન્દ્ર મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ (ડો.રામાનુજ હોસ્પિટલ) ખાતે
યુરોલોજી વિભાગ
આયુષ્માનકાર્ડ ધારકોને યુરોલોજી વિભાગમાં
પથરી, પ્રોસ્ટેટ તથા મૂત્રમાર્ગને લગતાં ઓપરેશન
નિ:શૂલ્ક (ફ્રી) કરી આપવામાં આવશે.
શ્રી રાઘવેન્દ્ર મલ્ટિ - સ્પેશ્યાલીટી હોસ્પિટલ
કેરીયા રોડ, રેલ્વે અંડર બ્રીજ પાસે, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૯૫૮૦ / ૨૩૩૫૮૦ મો.૬૩૫૩૧ ૧૩૭૭૨

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE I SPARE I INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail:kanpariyavipul4025@gmail.com

POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહીં
શ્રેષ્ઠ પ્રોડકટ બનાવીએ છીએ...
100 - 150 200 - 300 લીટર માં ઉપ્લબ્ધ
૧૦૦% ફુડ ગ્રેડ મટીરીયલ્સ
500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપ્લબ્ધ
9 YEAR WARRANTY
14 વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૦૯૬ ૦૯૬૯૬

હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે
મેડીકલ ઓફીસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S
પગાર ધોરણ : ૧૫૦૦૦/- થી ૨૧૦૦૦/- (અનુભવી માટે)
પગાર ધોરણ : ૧૪૦૦૦/- થી ૧૬૦૦૦/- (Freshers)
Day shift 2 (Ladies) Night shift 1(Ladies & Gents)
નર્સીંગ સ્ટાફ
GNM / ANM / Bsc Nursing
પગાર ધોરણ : ૧૧૦૦૦/- થી ૧૩૦૦૦/- (અનુભવી માટે)
પગાર ધોરણ : ૯૦૦૦/- થી ૧૧૦૦૦/- (Freshers)
Day shift 2 (Ladies) Night shift 2 (Ladies)
અમરેલીમાં રહેતા વ્યકિતઓને પ્રાથમિકતા આપવામાં આવશે.
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિં
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
- કોઈપણ ઉમરના વ્યકિતની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮



CHANGE OF NAME
આથી હું કાદરી ABDULSHAKUR ABDULRASHID SAIYAD માંથી મારૂ આધાર કાર્ડમાં જે નામ. એ નામ ASHKUR ARSHIDBHAI KADARI મારા ડ્રાઈવીંગ લાયસન્સમાં મારૂ નામ આધાર કાર્ડ મુજબ કરવા બદલ આ જાહેરાત આપુ છુ.



શ્રી પી.પી.એસ. હાઇસ્કૂલ - વંડાનું ગૌરવ

ધોરણ ૧૨ - ૨૦૨૪ ના તેજસ્વી તારલા | ધોરણ ૧૦ - ૨૦૨૪ ના તેજસ્વી તારલા



| બગડા માનસી | કંટારીયા અસ્મિતા | ખસિયા આરતી | બોરીચા ઉપાસના | બારૈયા ક્રિષ્ના | સરવૈયા જયરાજ | ડોબરીયા દર્શન | સોનપાલ નેહા | ખસીયા દ્રષ્ટિ |
|---|---|---|---|---|---|---|---|---|
| 92.85 % | 88.42 % | 87.42 % | 87.42 % | 94.92 PR | 93.11 PR | 92.04 PR | 89.33 PR | 88.05 PR |

શ્રી પી.પી.એસ. હાઇસ્કૂલ વંડા ધોરણ ૧૨ નું પરિણામ ૯૪.૯૪
શ્રી પી.પી.એસ. હાઇસ્કૂલ વંડા ધોરણ ૧૦ નું પરિણામ ૬૪.૯૬

તાજેતરમાં ધોરણ ૧૦ તથા ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષામાં શ્રી પી.પી.એસ. હાઇસ્કૂલ વંડાના ઉપરોક્ત વિદ્યાર્થીઓ ઉચ્ચ ટકાવારી સાથે ઉતિર્ણ થતા પોતાના પરિવારનું તેમજ શાળાનું અને સમસ્ત વંડા ગામનું ગૌરવ વધારવા બદલ ખુબ ખુબ અભિનંદન સહ શુભકામના

-:: શુભેચ્છક ::-
-:: શ્રી વંડા ગ્રામ્ય વિસ્તાર કેળવણી મંડળ સંચાલિત
શ્રી પી.પી.એસ. હાઇસ્કૂલ - વંડા પરિવાર
મનજીભાઇ તળાવીયા - મેને.ટ્રસ્ટી | કાંતિભાઇ પાંચાણી - મંત્રી | સંજયભાઇ ચૌહાણ - આચાર્ય
તથા તમામ શિક્ષકમિત્રો તથા સ્ટાફ તથા ગ્રામજનો

**બાલક્રિષ્ના ટ્રેક્ટર્સ**
*શરતોને આધિન
પ્રસ્તુત છે નવુ આયસર
188 (મીની) ટ્રેક્ટર
ગર્વમેન્ટ સબસીડી માન્ય
નાનુ મોટુ બધુ કામ થયુ આસાન

- ઓઇલ બ્રેક
- મલ્ટિ સ્પીડ પી.ટી.ઓ.
- સાઇડ ગેર

રાજુલા, સાવરકુંડલા, અમરેલી મો. ૯૯૦૪૩૨૨૬૬૧/૬૩/૬૫

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર આવૃતિ
પાના નં. ૮ તા.૧૪-૦૫-૨૦૨૪ મંગળવાર

**ખરજવાની જળો દ્વારા અપાતી અકસીર સારવાર**

સુકા, તથા લીલા ખરજવા, ધાધર, શીળસ, ખુજલી, ખસ, લોહી, ગંઠાઈ જવું પાકી ગયેલ રસોળી, ગડગુમડ, સફેદ ડાઘ, સોરાયસીસ, સાંધાનો-વાનો માથાનો દુ:ખાવો, ખીલ, વાઢીયા, કરોળીયા, હર્પીસ, હરસ-મસા-ભગંદર, જેવા હઠીલા રોગોના જળો દ્વારા ખરાબ લોહી ચુસીને 100% મટાડી શકાય છે.
**+ કૈલાશ કલીનીક +**
જળો દ્વારા કુદરતી ઉપચાર કેન્દ્ર
ડો. એલ.એલ. બાવળીયા B.A.M.S., M.D. (H.M.)
ડો. ભરત એલ. બાવળીયા B.A.S.M., M.D. (H.M.)
હનુમાન પરા રોડ, મોહન નગર, અમરેલી. ફોન :- (૦૨૭૯૨) ૨૩૨૫૭૫

OXFORD SCHOOL OF SCIENCE AMRELI

ગુજરાતી માધ્યમ
# ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ

કાર્યક્ષેત્ર
ધો. 6 થી 12
(સાયન્સ/કોમર્સ)

કેરિયા રોડ, સંજોગ ન્યૂઝની બાજુમાં, અમરેલી Ph. - 02792-230010/20, Mo. - 63529 29855

## બોર્ડ પરિણામમાં ઓક્સફર્ડ સ્કૂલ જિલ્લામાં અગ્રેસર

### ધોરણ 12 સાયન્સ
બોર્ડ પરીક્ષામાં
અમરેલી જિલ્લા પ્રથમ

A1-ગ્રેડ
PR
99.94
464/500
B216342
માંગરોળીયા જાનકી
A1-ગ્રેડ = 6 વિદ્યાર્થીઓ
A2-ગ્રેડ = 37 વિદ્યાર્થીઓ
કુલ વિદ્યાર્થીઓ = 180, ઉતિર્ણ = 175

### ધોરણ 12 સાયન્સ
ગુજકેટ પરીક્ષામાં
ગુજરાત રાજ્ય પ્રથમ


120/120
PR - 99.99
E519794
દેવગણિયા જેનિસ
ગુજકેટમાં 100 થી વધુ ગુણ મેળવનાર 40 વિદ્યાર્થીઓ

### ધોરણ 12 સાયન્સ
સાયન્સ મેરિટ
અમરેલી જિલ્લા પ્રથમ

294/300
B216142
વાડોદરીયા હર્ષિલ
સાયન્સ A1-ગ્રેડ
(300 માંથી 270 ઉપર)
37 વિદ્યાર્થીઓ

### ધોરણ 12 કોમર્સ
શાળા પ્રથમ

નારોલા કૃષિ
P.R. 99.92
G153586
A1 - ગ્રેડ 5
A2 - ગ્રેડ - 22
90 UP P.R 25
કુલ વિદ્યાર્થીઓ 110
ઉતિર્ણ - 105

### ધોરણ 10
ગુજરાત રાજ્ય દ્વિતિય

રાજપરા ઝીલ
P.R. 99.98
C3000333
A1 - ગ્રેડ 38
A2 - ગ્રેડ 60
કુલ વિદ્યાર્થીઓ 205
ઉતિર્ણ 201

★ શાળાના કેમ્પસમાં જ હોસ્ટેલ સુવિધા (ભાઈઓ - બહેનો)
★ સંપુર્ણ કવોલીફાઈડ, અનુભવી અને સમર્થ શિક્ષકોની ટીમ
★ JEE/NEET ની 100% સંપુર્ણ તૈયારી કરાવતી શાળા

**ધો. 11 સાયન્સ/કોમર્સમાં પ્રવેશ કાર્ય શરૂ છે...**

-: સંસ્થાના માર્ગદર્શકો :-
ગુરૂવર્યશ્રી એચ. એલ. પટેલ સાહેબ, શ્રી પરશોતમભાઈ રૂપાલા

-: શિક્ષકો એ જ સંચાલકો :-
મયૂરભાઈ ગજેરા, નિલેષભાઈ ગજેરા, પ્રહલાદભાઈ વામજા